# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-10-2024 સવારે : 7.45 થી 7.55

1) કેન્દ્રીય કેબિનેટે અવકાશ ક્ષેત્રને સમર્પિત 1,000 કરોડ રૂપિયાના વેન્ચર કેપિટલ ફંડને મંજૂરી આપી
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ આજે નવી દિલ્હીમાં સાતમી આંતર સરકારી પરામર્શ- IGC બેઠકની સહ અધ્યક્ષતા કરશે.
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી છત્તીસગઢની બે દિવસની મુલાકાતે જશે.
4) ભારતના આગામી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની નિયુક્તિ કરાઈ
5) દાના ચક્રવાતી તોફાન ગઈ કાલે રાત્રે ઓડિશાનાં ભિતારકણિકા નેશનલ પાર્ક અને ધામરા પોર્ટ વચ્ચે ત્રાટક્યું
6) પુણેમાં રમાઇ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ન્યુઝીલેન્ડના 259 રન સામે ભારતના પ્રથમ ઇનિંગમાં એક વિકેટે 16 રન, જ્યારે મહિલા ક્રિકેટમાં ભારતે પ્રથમ વન—ડેમાં ન્યૂઝીલેન્ડને 59 રનથી પરાજય આપ્યો

## *CABINET- VENTURE CAPITAL*

**કેન્દ્રીય મંત્રીમંડળે અવકાશ ક્ષેત્રને સમર્પિત એક હજાર કરોડ રૂપિયાના વેન્ચર કેપિટલ ફંડની સ્થાપનાને મંજૂરી આપી છે. સૂચિત વેન્ચર કેપિટલ ફંડનો જમાવટનો**

સમયગાળો ફંડની કામગીરીની શરૂઆતની વાસ્તવિક તારીખથી પાંચ વર્ષ સુધીનો છે. રોકાણની તકો અને ભંડોળની જરૂરિયાતોને આધારે સરેરાશ જમાવટની રકમ પ્રતિ વર્ષ 150 થી 250 કરોડ રૂપિયા હોઈ શકે છે. આ ફંડ વ્યૂહાત્મક રીતે દેશના અવકાશ ક્ષેત્રને આગળ વધારવા, રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને અનુરૂપ કરવા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે છે.

.................

## *CCEA- RAIL PROJECTS*

દરમિયાન, મંત્રીમંડળની બેઠકમાં મેટ્રો, સ્માર્ટ સિટી, હવાઇમથક અને માર્ગ સહિતના અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા  હતા.. બેઠક પછી પત્રકારોને સંબોધતાં, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આર્થિક બાબતો અંગેની મંત્રીમંડળની સમિતિએ ટ્રાફિક ઘટાડવા અને લોકોને પરિવહન  સુવિધાઓ પૂરી પાડવા 6 હજાર 798 કરોડ રૂપિયાના બે રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે, પ્રથમ પ્રોજેક્ટ હેઠળ, 256 કિલોમીટર  લાંબી નારકટિયગંજ-રકસૌલ, સતામાર્ધી, દરભંગા અને સતામાધિ-મુઝફ્ફરપુરની રેલ્વે લાઇનો નાખવામાં આવશે. આ પ્રોજેક્ટ નેપાળ, ઇશાન-ભારત અને સરહદ વિસ્તારો સાથે જોડાણને મજબૂત બનાવશે.

(બાઇટ-અશ્વિની વૈષ્ણવ)

.................

## *RAILWAYS- SPECIAL TRAINS*

દિવાળી અને છઠ પૂજાના તહેવારોને  ધ્યાનમાં રાખી રેલવે મંત્રાલય સાત હજાર વિશેષ ટ્રેનો ચલાવી રહ્યું છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ વિશેષ ટ્રેનો દ્વારા દરરોજ લગભગ બે લાખ વધારાના મુસાફરો મુસાફરી કરી શકે છે.

તેમણે કહ્યું કે ગયા વર્ષે ચાર હજાર પાંચસો ટ્રેનોની સરખામણીમાં આ વર્ષે વિશેષ ટ્રેનોની સંખ્યા વધારીને સાત હજાર કરવામાં આવી છે.

.................

## *GERMAN CHANCELLOR*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ આજે નવી દિલ્હીમાં સાતમી આંતર સરકારી પરામર્શ- IGC બેઠકની સહ અધ્યક્ષતા કરશે. ચાન્સેલર સ્કોલ્ઝ ગઈ કાલે રાત્રે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી આવ્યા હતા. IGC એ સરકારી માળખું છે, જેમાં બંને દેશોનાં મંત્રીઓ પોતપોતાની જવાબદારીનાં ક્ષેત્રોમાં ચર્ચા કરે છે અને પ્રધાનમંત્રી તથા ચાન્સેલરને તેનાં પરિણામનો અહેવાલ આપે છે.

બંને નેતાઓ સલામતી, સંરક્ષણ સહકાર, આર્થિક સહકાર, હરિત અને સાતત્યપૂર્ણ વિકાસ ભાગીદારી અને ઊભરતી તથા વ્યૂહાત્મક ટેકનોલોજીનાં ક્ષેત્રોમાં જોડાણ પર પણ ચર્ચા કરશે. તેઓ એશિયા પેસિફિક કોન્ફરન્સ ઓફ જર્મન બિઝનેસને પણ સંબોધશે.

.................

## *PRESIDENT CHATTISGARH VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી છત્તીસગઢની બે દિવસની મુલાકાતે જશે. તેઓ આજે રાયપુરમાં એઇમ્સના બીજા અને NIT રાયપુરના 14મા પદવીદાન સમારોહમાં હાજરી આપશે તેમજ નયા રાયપુર ખાતે પુરખૌતી મુક્તાંગનની મુલાકાત લેશે. આવતી કાલે રાષ્ટ્રપતિ IIT, ભિલાઇના ચોથા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ રાયપુરમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય મેમોરિયલ હેલ્થ સાયન્સ એન્ડ આયુષ યુનિવર્સિટીના ત્રીજા પદવીનદાન સમારોહમાં પણ હાજરી આપશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *NEXT CJI APPOINTMENT*

ભારતના આગામી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની નિયુક્તિ કરવામાં આવી છે. એક સામાજિક મિડિયા પોસ્ટમાં કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલે જણાવ્યું હતું કે, મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચુડ સાથે મંત્રણા કર્યા બાદ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ 11મી નવેમ્બરથી ન્યાયમૂર્તિ ખન્નાને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કર્યા છે. ન્યાયમૂર્તિ ખન્ના હાલમાં સર્વોચ્ચ અદાલતમાં બીજા સૌથી વધુ વરિષ્ઠ ન્યાયમૂર્તિ છે. તેઓ ભારતના 51મા મુખ્ય ન્યાયમૂર્તિ બનશે. ન્યાયમૂર્તિ ખન્ના 13 મે, 2025નાં રોજ નિવૃત્ત થશે.

ભારતના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચુડે 9 નવેમ્બર, 2022નાં રોજ હોદ્દો સંભાળ્યો હતો, તેઓ 10 નવેમ્બરનાં રોજ નિવૃત્ત થઈ રહ્યા છે.

.................

## *CYCLONE DANA*

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે, દાના ચક્રવાતી તોફાન ગઈ કાલે રાત્રે 12 વાગીને પાંચ મિનિટે ઓડિશાનાં ભિતારકણિકા નેશનલ પાર્ક અને ધામરા પોર્ટ વચ્ચે ત્રાટક્યું હતું અને હવે તે ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળનાં કાંઠા તરફ આગળ વધી રહ્યું છે. ભુવનેશ્વર સ્થિત હવામાન વિભાગની કચેરીના સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે ચક્રવાતી વાવાઝોડું જમીન પર સ્પર્શ્યું ત્યારે પવનની ગતિ 120 કિલોમીટર

પ્રતિ કલાક હતી. ગંભીર ચક્રવાતી તોફાન નબળું પડીને ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થયું તે પહેલાંનાં ત્રણથી ચાર કલાક માટે તેણે તીવ્રતા જાળવી રાખી હતી. વાવાઝોડાની અસરને કારણે કેન્દ્રાપાડા અને ભદ્રક જિલ્લામાં ભારે પવન અને વરસાદ પડતો હતો, જેને પગલે મયુરભંજ, કટક, જયપુર, બાલાસોર અને જગતસિંહપુર જિલ્લામાં પુર આવ્યું હતું.

મુખ્યમંત્રી મોહન માંજી પરિસ્થિતિ પર દેખરેખ રાખી રહ્યા છે.

.................

## *PM MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે. ઉપરાંત My Gov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે.

કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

.................

## *CRICKET - IND NZ MAN'S*

પુણેમાં રમાઇ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતે ન્યુઝીલેન્ડ સામે તેની પ્રથમ ઇનિંગમાં એક વિકેટે 16 રન બનાવ્યા હતા. ભારતે સુકાની રોહિત શર્માની વિકેટ શરૂઆતમાં ગુમાવી દીધી હતી, પરંતુ શુભમન ગિલ અને યશસ્વી

જયસ્વાલે વધુ વિકેટ ગુમાવ્યા વિના અંતિમ કેટલીક ઓવરો પૂરી કરી હતી. ગિલ 10 અને જયસ્વાલ 6 રને અણનમ છે. અગાઉ, ન્યુઝીલેન્ડ 259 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરે તેની કારકિર્દીમાં પ્રથમ વાર 5 વિકેટ ઝડપીને ભારતને મજબૂત સ્થિતિમાં મૂક્યું હતું.

રવિચંદ્રન અશ્વિને ત્રણ વિકેટ લીધી હતી. ન્યુઝીલેન્ડ વતી ડેવોન કોનવેએ 76 અને રચિન રવિન્દ્રએ 65 રન બનાવ્યા હતા. ત્રણ મેચોની શ્રેણીમાં ન્યુઝીલેન્ડે બેંગ્લોરમાં પ્રથમ ટેસ્ટ જીતી લીધી હતી.

દરમિયાન સુલતાન જોહોર કપ હોકીમાં પુરુષોની ભારતીય જુનિયર ટીમ આજે મલેશિયાના જોહોરમાં ન્યૂઝીલેન્ડનો સામનો કરશે. ભારતીય સમય પ્રમાણે બપોરે 1-35 કલાકે મેચ શરૂ થશે. બંને ટીમો માટે રાઉન્ડ-રોબિન લીગ તબક્કામાં આ પાંચમી અને અંતિમ રમત છે.

.................

## *WOMEN'S CRICKET AHMEDABAD*

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈ કાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી શ્રેણીની પ્રથમ વન—ડેમાં ન્યૂઝીલેન્ડને 59 રનથી પરાજય આપ્યો હતો. જીતવા માટે 228 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડ 40.4 ઓવરમાં 168 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત વતી રાધા યાદવે ત્રણ અને સાઇમા ઠાકોરે બે વિકેટ લીધી હતી. અગાઉ, ટોસ જીતીને બેટિંગ પસંદ કરીને ભારત 44.3 ઓવરમાં 227 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું. તેજલ હાસબિન્સે સૌથી વધુ 42 અને દિપ્તી શર્માએ 41 રન કર્યા હતા.

.................

**અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે**

**મારા સહયોગી રિધ્ધિ ઉંધાડ....**

- મોટાભાગના અખબારોએ આજે ઓડિશામાં દાના વાવાઝોડાના સમાચારોને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચાર લખે છે – ઓડિશામાં વિનાશક વાવાઝોડું દાના ત્રાટક્યુ, 300 ફ્લાઇટ્સ અને 511 ટ્રેનો રદ કરાઈ.
- ફૂલછાબ લખે છે – ઓડિશા – પશ્ચિમ બંગાળમાં ચક્રવાત દાનાનો કહેર
- ગુજરાત સમાચારે અન્ય એક હેડલાઇનમાં લખ્યું છે - ટ્રુડ્રોને ચાર દિવસમાં રાજીનામું આપવા તેના જ સાંસદોની ચેતવણી
- સંદેશ અખબાર લખે છે - આતંકીઓ બેફામ બન્યા, ગુલમર્ગમાં આતંકી હુમલો, બે જવાન શહીદ, બે પોર્ટરનાં પણ મોત
- ગિફ્ટ સિટીમાં દારૂ સસ્તો થશે, સ્પેશિયલ ડ્યૂટીમાં ઘટાડો થશે - મહિને 16 હજાર, 750 રૂપિયાની ખેડૂતોની આવક સાથે ગુજરાત દેશના 8 મોટા રાજ્યોમાં પાંચમા ક્રમાકે – આ સમાચારોને દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- 90 ફ્લાઇટ્સને બોમ્બની ધમકી, સોશિયલ મીડિયા પર તવાઈ આ સમાચારોને નવ ગુજરાત સમયમાં મથાળા તરીકે સ્થાન મળ્યું છે.
- સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ તરીકે સંજીવ ખન્નાની નિમણૂંક, તેઓ 11 નવેમ્બરના રોજ પદ સંભાળશે, - આ સમાચારોને ઇન્ડિયન એક્સપ્રેસે મુખ્ય મથાળા તરીકે સ્થાન આપ્યું છે.

-------------